




ગાંધીનગર જિલ્લામાં જનસંપર્ક અભિયાન તેમજ જાહેર પ્રચાર અભિયાનની કેટલીક બોલતી તસ્વીરો સરઢવ અને છાલા બેઠક પર કોંગ્રેસના જનસંપર્ક અભિયાનની તસ્વીરો તો સાદરા બેઠક પર સાંસદ હસમુખભાઈ પટેલ અને જિલ્લા ઈન્ચાર્જ હર્ષદભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયેલ જાહેરસભાની તસ્વીરો.

# વલાદના જૈન પરિવારોના કુળદેવીનુ કરવઠું યોજાયુ

## બાસણ ગામે સ્થિત ૨૦૦ વર્ષ જુના ખોડીયાર માતાના મંદિરે વલાદ ગામના વતીપાત જૈનોના કુળદેવી બિરાજે છે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર નજીક સાબરમતી નદીના કિનારે આવેલા બાસણ ગામે આજે ઉત્સવનુ વાતાવરણ



હતુ. વર્ષો અગાઉ અહીંથી સ્થળાંતર કરી વલાદ ઉપરાંત અન્ય સ્થળોએ વસવાટ કરતા વતીપાત જૈન પરિવારોના કુળદેવી અહીં બિરાજે છે. મહાસુદ તેરસના દિવસે વલાદ ઉપરાંત અન્ય સ્થળોએ વસવાટ કરતા જૈન પરિવારો અચૂક અહીં એકત્ર થાય છે અને કુળદેવીનું કરવટું યોજાય છે. આ દિવસે ખોડીયાર માતાના મંદિરે ધ્વજારોહણ, હવન, નૈવેદ્ય સહિતના વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે.



વલાદ વતીપાત જૈન સમાજના અગ્રણી હેમલકુમાર શાહના જણાવ્યા અનુસાર સાબરમતી નદીના કિનારે વસેલા બાસણ ગામમાં ખોડીયાર માતાનું ૨૦૦ વર્ષ જુનુ મંદિર છે. તે સમયે અહીં વસતા વતીવાત જૈન પરિવારોના તેઓ કુળદેવી હતા.



ધંધા-રોજગાર સહિતના કારણોસર આ પરિવારોએ અહીંથી સ્થળાંતર કર્યુ અને વલાદમાં સ્થિત થયા. વલાદમાં રહેવા આવ્યા બાદ આ પરિવારોમાં કેટલીક મુશ્કેલીઓ ઉભી થઈ. તેમને તકલીફો પડવા માંડી. કેટલાક જ્ઞાની જૈન સાધુઓને પુછતા તેઓએ જણાવ્યુ કે જૈન પરિવારો તો સ્થળાંતર કરી ગયા પરંતુ બાસણમાં તેઓના કુળદેવી અપૂજનીય અવસ્થામાં રહી ગયા છે જેના કારણે સમાજને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. ત્યારબાદ આ પરિવારો બાસણ ગામે ગયા અને મહાસુદ તેરસના દિવસે ખોડીયાર માતાના મંદિર કુળદેવીનુ પુનઃ સ્થાપન કર્યુ. ત્યારબાદ દર વર્ષે અહીં માતાજીનું કરવટુ યોજવાની પરંપરા શરૂ થઈ. હવે તો વલાદ ઉપરાંત અમદાવાદ, હૈદરાબાદ અને મુંબઈમાં વતીપાત જૈન સમાજના પરિવારો વસે છે પરંતુ દર વર્ષે મહાસુદ તેરસના દિવસે તેઓ અચૂક બાસણ પહોંચી જાય છે અને માતાજીનુ કરવટુ યોજે છે. ધ્વજારોહણ, નૈવેદ્ય અને હવન જેવા કાર્યક્રમો યોજાય છે. જૈન પરિવારોના કાર્યક્રમમાં બાસણ ગામના અન્ય સમાજના લોકો પણ ભાગ લે છે. ગામના લોકો આ દિવસે અણુજો પાળે છે. ગામના લોકો આ દિવસે અણુજો પાળી બહારગામ જતા નથી અને ગાય-ભેંસનું દૂધ વેચતા નથી. તેઓ જૈન સમાજ સાથે જ આ કાર્યક્રમમાં જોડાય છે. જૈન સમાજ દ્વારા ગામના ગરીબ-વંચિત પરિવારોને આ દિવસે અનાજ-કરીયાણા સહિતની વિવિધ ચીજવસ્તુઓ આપવામાં આવે છે. બાળકોને પણ સ્ટેશનરી, નાસ્તાના ડબ્બા જેવી ગીફ્ટ આપવામાં આવે છે.

# બપોરે આકરી ગરમીનો અહેસાસ

## મહત્તમ તાપમાન ૩૬.૪ ડિ.સે. પહોંચ્યુ : તડકો આકરો બન્યો

ગાંધીનગર, તા. ૨૫

માર્ચ મહિનો શરૂ થવામાં છે ત્યારે ધીમે ધીમે ગરમી વધી રહી છે. મહત્તમ તાપમાન ૩૬.૪ ડિ.સે. સુધી પહોંચી જતાં ગરમીનો અનુભવ થઈ રહ્યો છે.

છેલ્લા કેટલાક દિવસોથી ગરમીમાં તબક્કાવાર વધારો થઈ રહ્યો છે. ફેબ્રુઆરી માસના અંતિમ દિવસોમાં ગરમી ધીમે ધીમે વધી રહી છે. આકરા ઉનાળાના દિવસો આવી ગયા હોય તેમ આકરી ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. દિવસના પ્રારંભે વાતાવરણમાં થોડીક ઠંડક હોય છે. લઘુત્તમ તાપમાન હજુ ૧૪ ડિગ્રીની આસપાસ રહેતા ઠંડક અનુભવાય છે પરંતુ જેમ જેમ દિવસ ચઢતો જાય છે તેમ તેમ ગરમી વધતી જાય છે. તડકો આકરો બનતા ગરમીનો અનુભવ થાય છે. પંખાની સ્પીડ ધીમે ધીમે વધવા માંડી છે. બપોરના સમયે ઘરની બહાર નીકળો તો તડકો હવે આકરો લાગે છે.

મહત્તમ તાપમાન ૩૬.૪ ડિ.સે. સુધી પહોંચી ગયુ છે. તાપમાન દિવસે દિવસે વધી રહ્યુ હોવાથી ગરમીનો અહેસાસ વધુ થાય છે. સવારના સમયે ભેજનુ પ્રમાણ ૭૦-૮૦ ટકાની આસપાસ હોય છે. જે તડકો વધતા ઘટતુ જાય છે. સાંજ સુધી ભેજનું પ્રમાણ ૩૦ ટકાની આસપાસ પહોંચી જતાં ગરમી વધુ લાગે છે. ગરમીમાં વધારો થતાં શહેરમાં શેરડીના કોલા અને ઠંડા પીણાના પાર્લરો પર ભીડ જામવા માંડી છે. ફ્રીજના ઠંડા પાણીનો ઉપયોગ શરૂ થવા લાગ્યો છે. આગામી દિવસોમાં ગરમીમાં વધારો થશે એવી આગાહી હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

# ચિલોડા બ્રહ્માકુમારી દ્વારા ડાયાબિટીસ તથા બ્લડપ્રેસર નિઃશુલ્ક નિદાન કેમ્પ

ચિલોડા, તા. ૨૫

ગાંધીનગર તાલુકાના મોટા ચિલોડા સ્થિત બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય, રાજયોગ સેવા કેન્દ્ર સંસ્થાન દ્વારા રાજયોગીની તારાદીદીના સાનિધ્યમાં જિલ્લા એન.સી.ડી. એલ, ગાંધીનગર અને સામુહિક આરોગ્ય કેન્દ્ર છાલા તથા સાદરાના એન.સી.ડી.એલ. સ્ટાફ દ્વારા ડાયાબીટીસ તથા બી.પી.ની તપાસ માટે નિઃશુલ્ક કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. જેમાં બ્રહ્માકુમાર કેન્દ્રના અનુયાયી ભાઈ-બહેનોએ વિશેષ લાભ લીધો હતો. આ કેમ્પમાં કાઉન્સેલર ભરતભાઈએ ડાયાબીટીસ અને બ્લડપ્રેશર અંગે મહત્વની જાણકારી આપી હતી. જરૂર પ્રમાણે ડાયેટ તથા યોગ્ય નિયમિત હળવી કસરત અંગે માર્ગદર્શન આપ્યુ હતુ.



સેક્ટર-૫-બી શ્રી મહાકાળી મંદિર ખાતે વાર્ષિક પાટોત્સવ નિમિત્તે નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યુ હતુ. શ્રી મહાકાળી માતાજી સેવા ટ્રસ્ટના પ્રેમલસિંહજી પી. ગોલ અને ઘનશ્યામસિંહજી ચૌહાણે સમગ્ર કાર્યક્રમનુ આયોજન કર્યુ હતુ.

## હપ્તેથી સહેલાઈથી ખરીદીને ઊઠમણું કરનારા વધ્યા

# નાગરિક બેંક સાથે છેતરપિંડી કરનાર શખ્સ સેક્ટર-૨૯ પાસેથી પકડાયો

## ગાંધીનગરના શખ્સે મોંઘી કાર લોનથી ખરીદી પણ હપ્તા ન ભરી શકાતા નાસી ગયો જેને પોલીસે ઝડપી લીધો

ગાંધીનગર, તા. ૨૫

એક સમયે એવું હતું કે તમારી પાસે મોંઘી વસ્તુ ખરીદવાના રુપિયા ના હોય તો તેના માટે તમારે વર્ષો સુધી રાહ જોવી પડતી હતી. પરંતુ જ્યારથી હપ્તા પદ્ધતિ આવી છે ત્યારથી પોતાની એક સમયમાં વસ્તુ ખરીદી લેવાની તાકાત ના હોય તે લોકો પણ હપ્તાના આધારે મોઘી વસ્તુ વસાવી શકે છે. આવું જ કારમાં પણ જોવા મળે છે. પરંતુ એકવાર સાહસ કર્યા પછી જો હપ્તા ભરવાનું કાઢું પડે ત્યારે મોટી મુશ્કેલી આવી પડતી હોય છે. આવા બનાવોમાં લોકો ગુનાહીત પ્રવૃતિઓ પણ કરી બેસતા હોય છે. ગાંધીનગરમાં એક આવો જ કિસ્સો સામે આવ્યો છે જેમાં બીએમડબલ્યુ કાર માટે લોન લીધા પછી હપ્તા ભરવાના બદલે રફુચક્કર થઈ ગયેલા ગઠીયાને પોલીસે ઝડપી પાડ્યો છે.

પોલીસે સેક્ટર ૨૯ની સોપિંગ પાસેથી સફેદ રંગની બીએમડબલ્યુ લઈને ફરતા ગઠીયાને ઝડપી પાડ્યો છે. આ કાર માટે શખ્સ વર્ષ ૨૦૧૬માં નાગરિક બેંકમાંથી લોન લીધી હતી. આ શખ્સે રાજકોટમાં પણ પોત પ્રકાશ્યું હતું અને તે મુંબઈ ફરાર થઈ ગયો હતો. આરોપીને પકડી પાડવા માટે પોલીસ પણ કમરકસી હતી જેમાં સફળતા મળી છે.

પોલીસે બાતમીના આધારે તપાસ કરીને સેક્ટર-૨૯માંથી ઝડપી પાડ્યો છે. અનિલ વ્રજલાલ મેવાડા નામના સેક્ટર-૨ના રહેવાસીએ ગાંધીનગર નાગરિક બેંકમાંથી લોન લઈને બીએમડબલ્યુ કાર ખરીદી હતી. અનિલે કાર લીધા પછી તેના હપ્તા ભરવામાં ઠાગાઠૈયા કર્યા હતા અને તે ફરાર થઈ ગયો હતો. બેંકમાં સમયસર હપ્તા ના આવવાના કારણે અનિલ સામે ફરિયાદ નોંધાઈ હતી.

બેંક દ્વારા પોતાના હપ્તા ભરવામાં આવે તે માટે અનિલને રિમાઈન્ડર મોકલવામાં આવ્યું હતું પરંતુ હપ્તા ના ભરાતા આ મામલે વર્ષ ૨૦૧૯માં ફરિયાદ નોંધવામાં આવી હતી. અનિલે રાજકોટમાં પણ છેતરપિંડી કરી હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. હવે આ આરોપીએ મુંબઈ જઈને શું કર્યુ અને રાજકોટમાં કોની સાથે છેતરપિંડી કરી તે અંગે વિગતે તપાસ કરવામાં આવશે.

બેંક સાથે છેતરપિંડી કરીને લક્ઝુરિયસ કાર લીધા બાદ હપ્તા ના ભરવાના ગુનામાં અનિલની ધરપકડ કરીને પોલીસે આરોપીની સામે આગળની કાર્યવાહી શરુ કરી છે. આગામી સમયમાં કેટલાક વધુ ખુલાસા થવાની સંભાવના દેખાઈ રહી છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર મહાનગર પાલિકામાં આર.સી. એચ. ઓ. તરીકે હેલ્થ વિભાગમાં ડૉ. કલ્પેશભાઈ પરમારની ત્રણ માસ માટે પ્રતિ નિયુક્તિના ધોરણે નિમણુંક કરવામાં આવી છે.
- ગાંધીનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂટંણીઓના જાહેર પ્રચાર અભિયાનમાં આજે ભાજપ-કોંગ્રેસના નેતાઓ સભા પર સભાઓ યોજી રહ્યા છે.
- ગાંધીનગર જિલ્લામાં ગરમીનો પ્રકોપ ધીમી ગતિએ વધતાં શેરડીના કોલાઓ પર ઘરાકી જામતી જોવા મળી રહી છે.
- ગાંધીનગર શહેરમાં સે. ૭ પોલીસ દ્વારા વાહનો ખુલ્લા મુકનારાઓ સામે ખાસ નવતર અભિગમ અપનાવવાની વ્યુહરચના તૈયાર કરી છે.
- ગાંધીનગર જિલ્લામાં આજે સતત બીજે દિવસે કોરોનામાંથી રિકવરી મેળવ્યા બાદ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં ડિસ્ચાર્જ મેળવનારની સંખ્યા સરખી રહી છે.
- સ્થાનિક સ્વરાજયની ચૂંટણીને લઈ જિલ્લાના પરિણામો અંગે શરતો/બોલીઓના બજારમાં ગરમી જોવા મળી રહી છે.
- કલોલ તાલુકા આરોગ્ય અધિકારીની જગ્યા હાલ ખાલી પડી છે.
- કલોલ ન.પા.ના વોર્ડ નં. ૪ માં આજે ૨૫ થી વધુ કાર્યકરો મહામંત્રી આઈ. બી. વાઘેલાની ઉપસ્થિતિમાં કોંગ્રેસને રામ રામ કરી ભાજપમાં જોડાયા છે.

## સંકુલ સાદરામાં માસ્ક વિતરણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૫

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ-સાદરાના બી.એ. સત્ર-૧, એમ.એ. સત્ર-૧ ના વિદ્યાર્થી ભાઈઓ બહેનોને શુદ્ધ સફેદ ખાદીના માસ્કનું વિતરણ વિનામૂલ્યે ડૉ. રાજેન્દ્રભાઈ જોષીના હસ્તે કરવામાં આવ્યું. ગીતા દેસાઈએ ગીત ગાયું. રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર આયોજિત માસ્ક વિતરણ કાર્યક્રમમાં માસ્ક બનાવનાર ઉદ્યોગ કેન્દ્રના હિંમત વાણીયા અને વસંત વાણીયાને બિરદાવવામાં આવ્યા હતા.

# મેયર સહિતના હોદ્દેદારોની પસંદગી પાર્લામેન્ટરી બોર્ડની બેઠક મળશે

ગાંધીનગર,તા.૨૫

મનપાની ચૂંટણીની મતગણતરી પૂર્ણ થઈ ગઈ છે અને ભાજપે બહુમતિ હાંસેલ કરી લેતા હવે જિલ્લા-તાલુકા પંચાયતોની ચૂંટણી બાદ મેયર સહિતનાં હોદ્દેદારોની પસંદગીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે તેમ ભાજપના સૂત્રો તરફથી જાણવા મળ્યું છે. ભાજપના સૂત્રો મુજબ, ચૂંટણી પંચ દ્વારા પ્રક્રિયા પૂરી થયાનું જાહેરનામું બહાર પડાય તેના સાતેક દિવસમાં મ્યુનિ. બોર્ડ બોલાવવાની જોગવાઈ છે. બીજી તરફ રાજ્યમાં હજુ જિલ્લા-તાલુકા પંચાયતોની ચૂંટણી માટે રવિવારે મતદાન યોજાવાનું છે અને ભાજપ-કોંગ્રેસના નેતાઓ પ્રવાસમાં વ્યસ્ત છે. એવામા ભાજપના નેતાઓ રવિવારે મતદાન બાદ મ્યુનિ. મેયર સહિતના હોદ્દેદારો પસંદ કરવા બેઠક યોજશે. જોકે ભાજપમાં ચાલતી ચર્ચા અનુસાર ઉમેદવારો પહેલાથી નક્કી હોવા છતાં કાર્યકરોના સંતોષ માટે બેઠક યોજાશે અને ફક્ત મીટિંગ બાદ નામ જાહેર કરાશે. પાછલી ટર્મમાં ભાજપ નેતાગીરીની મીટિંગોમા મ્યુનિ.ના મેયર સહિતના હોદ્દેદારોની પસંદગીમાં ભારે ખેંચતાણ થઈ હતી,

પરંતુ આ વખતે તેવું કંઈ ન થાય તેમ લાગી રહ્યું છે. એવામાં મ્યુનિ. તંત્ર દ્વારા નવા કોર્પોરેટરો માટે સામાન્ય સભા બોલાવવાની તૈયારી શરૂ કરવામાં આવી છે. નવા ચૂંટાયેલા ભાજપના કોર્પોરેટરો માટે પહેલા ભાજપ કાર્યાલયમાં બેઠક યોજાશે આ બાદ તેમણે બોર્ડમાં કયા સમય શું કરવું તેની સમજ પાડવામાં આવશે. મ્યુનિ. બોર્ડ બેઠકમાં નવા મેયરના નામની જાહેરાત થશે અને ભાજપના હોદ્દેદારો, કોંગ્રેસ વગેરે તેમને આસન સુધી દોરી જશે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



જીતનો મોટામાં મોટો ફાયદો એ છે કે મોંઘા ભાવના વિધાયક ખરીદવા નહીં પડે...!!

# ધો. ૯-૧૧ની વાર્ષિક પરીક્ષા ૭-૧૫ જૂને લેવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૫

બોર્ડે ધોરણ ૯ અને ૧૧ની વાર્ષિક પરીક્ષા ૭થી ૧૫ જૂન દરમિયાન લેવાની જાહેરાત કરી છે. જ્યારે ધો.૯થી ૧૨ની પ્રથમ પરીક્ષા ૧૯થી ૨૭ માર્ચ દરમિયાન યોજાશે. બોર્ડે દરેક સ્કૂલોને પ્રથમ પરીક્ષાના પ્રશ્નપત્ર બોર્ડના પરિરૂપને ધ્યાનમાં રાખીને, સ્કૂલમાં ચાલેલા અભ્યાસક્રમને આધારે તૈયાર કરવા સૂચના આપી છે. જ્યારે વાર્ષિક પરીક્ષામાં ૭૦ ટકા કોર્સને ધ્યાનમાં રાખી પ્રશ્નપત્ર તૈયાર કરવાનું રહેશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માં ધો-૯થી ૧૨ની પ્રથમ પરીક્ષા અને ધો-૯ અને ૧૧ ની વાર્ષિક પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કર્યો છે. ધોરણ૯ થી ૧૨ ની પ્રથમ પરીક્ષા તા. ૧૯મી માર્ચથી ૨૭મી માર્ચ, ૨૦૨૧ તેમજ ધોરણ૯ અને ૧૧ની વાર્ષિક પરીક્ષા તા. ૭મી જૂનથી ૧૫ જૂન, ૨૦૨૧ સુધીમાં લેવાશે.

સમગ્ર રાજ્યમાં કોરોના મહામારીના પગલે શૈક્ષણિક કાર્ય થંભી ગયું હતું. હવે વેક્સિન આવી ગઈ છે ત્યારે ધીમે ધીમે શાળામાં પણ શૈક્ષણિક કાર્યનો પ્રારંભ કરવામાં આવી રહ્યો છે. કોવિડ-૧૯ની પરિસ્થિતિમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માટે ધો-૯થી ધો-૧૨ ની શાળાકીય પરીક્ષાના પ્રશ્નપત્રો ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવેલ પરિરૂપ અને ગુણભાર મુજબ તૈયાર કરવા અંગેની કાર્યવાહી શાળા કક્ષાએ કરવા સૂચના આપવામાં આવી છે. જેમાં ધો-૯ થી ધો-૧૨ ની પ્રથમ પરીક્ષા માટે જે તે શાળામાં જેટલો અભ્યાસક્રમ ચાલ્યો હોય તે મુજબ બોર્ડ દ્વારા જાહેર કરેલ વાર્ષિક પરીક્ષાના પશ્નપત્રો પરિરૂપના આધારે તેમજ શાળા કક્ષાએ ચાલેલા તમામ પ્રકરણોને યોગ્ય ન્યાય મળે તે મુજબ પ્રકરણ દીઠ ગુણભાર નક્કી કરીને શાળા કક્ષાએ પ્રશ્નપત્રો તૈયાર કરવાની સૂચના આપવામાં આવી છે.

આ સાથે જ ધો-૯ અને ધો-૧૧ ની વાર્ષિક પરીક્ષા માટે બોર્ડ દ્વારા જાહેર કરાયેલ ૭૦ ટકા અભ્યાસક્રમ તેમજ વાર્ષિક પરીક્ષાના પ્રશ્નપત્ર પરિરૂપ અને પ્રકરણ દીઠ ગુણભારની વિગતો શાળા કક્ષાએ તૈયાર કરવાની સૂચના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યિમક શિક્ષણ બોર્ડના સંયુક્ત નિયામકે આપી છે. ઉપરાંત સામાન્ય પરિસ્થિતિમાં આંતરિક મૂલ્યાંકનના ૨૦ ગુણમાં પ્રથમ તેમજ બીજી પરીક્ષામાં વિદ્યાર્થીઓના ગુણ ધ્યાને લેવાતા રહ્યા છે. તેના સ્થાને હાલની કોવિડ-૧૯ની પરિસ્થિતિમાં ફક્ત શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ માટે આંતરિક મૂલ્યાંકનમાં માત્ર પ્રથમ પરીક્ષાના ગુણ ધ્યાને લેવા તાકીદ કરવામાં આવી છે.

સામાન્ય રીતે દર વર્ષે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં 'શૈક્ષણિક પ્રવૃત્તિ કેલેન્ડરલ્ર તૈયાર કરીને શાળાઓને મોકલી આપવામાં આવે છે. જેમાં વિવિધ પરીક્ષાઓની વિગતો દર્શાવવામાં આવે છે. કોવિડ-૧૯ની પરિસ્થિતિને કારણે આ વર્ષે 'શૈક્ષણિક પ્રવૃત્તિ કેલેન્ડરલ્ર તૈયાર કરી શકાયું નથી. જેથી ધો-૯થી ૧૨ની પ્રથમ પરીક્ષા તેમજ ધો-૯ અને ૧૧ ની વાર્ષિક પરીક્ષાનું આયોજન શાળા કક્ષાએથી કરવા પરિપત્ર તમામ જિલ્લા શિક્ષણાધિકારીને પાઠવવામાં આવ્યું છે.



## રીક્ષા ખાડામાં ખાબકી

શહેરના સેકટર-૩૦ સર્કલથી ચિલોડા તરફ જઈ રહેલી નવી લોડીંગ રીક્ષાના ચાલકે અચાનક કાબુ ગુમાવતા રીક્ષા ખાડામાં ઉતરી ગઈ હતી. જો કે આ બનાવમાં કોઈને જાનહાની થવા પામી ન હતી. જો કે રીક્ષાચાલક શૉ રૂમમાંથી રીક્ષા લઈ ઘર તરફ જઈ રહ્યો હતો ત્યારે અકસ્માત નડયો હોવાનું જાણવા મળ્યું છે.